**વાપીના મહે. બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમા, મુ.વાપી**
**ક્રિમીનલ કેસ નંબર :– ૧૨૪૨૦/૨૦૨૫**

**ગુનો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧) બી મુજબ**

## આંક – ૧ લગત હુકમ

૧. આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧) બી, ૮૫(૧) મુજબનો ગુનો નોંધતા તપાસ કરનાર અમલદારે તપાસ કરી સદર ગુના અન્વયે અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. અદાલતમાં ચાર્જશીટ થયા બાદ, આરોપીને સમન્સ કરતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલા છે. ત્યારબાદ આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામા આવેલ ત્યારબાદ આરોપીએ સદર ગુનાની સ્વૈછિક કબુલાત કરેલ છે અને સદર કામે અલગથી ગુના કબુલાતની પુરસીસ પણ રજુ રાખેલ છે.

૩. આરોપી તરફે એવી રજુઆત છેકે, આરોપી કુંટુબની જવાબદારી વાળા તથા બાળ બચ્ચા વાળા માણસ છે. આરોપ સામે અગાઉ બીજો કોઈ ગુનો નોંધાયેલો નથી. આરોપીનો આ પ્રથમ ગુનો છે તેવા સંજોગોમા દયા રાખી ઓછામા ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે. રેકર્ડ વંચાણે લેતા આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૮૫મુજબના ગુનાનો આરોપ છે સબબ તે સંજોગોમાં ફરીયાદ હકીકત વંચાણે લેવામા આવે તો આરોપી જાહેરમા વગર પાસ પરમીટનો દારૂ પી લથડીયા ખાતો છવરી કરતો મળી આવેલ હોવા સબબની ફરીયાદ હકીકત રહેલી છે ત્યારે પ્રોહીબીશન એકટની કલમ– ૮૫ ની જોગવાઈને ધ્યાને લેતાં, જો કોઈ વ્યકિત લોકોને આવવા જવામાં છુટ હોય અથવા તો આવજા કરતા દેવામાં આવતી હોય તેવો રાહદારીમાર્ગ હોય, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોઈ અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દ વાળી અથવા અશિષ્ટ વાળી ભાષા ઉપયોગ કરતો હોય, કોઈ સ્ત્રી સાથે ગેર વર્તણુંક કરતો હોય અથવા અશ્લીલ રીતે વર્તતો હોય તો જ પ્રોહીબીશન એકટની કલમ– ૮૫ મુજબ કસુરવાર ઠરાવી શકાય જયારે હાથ પરના કેસમાં ફરીયાદ વંચાણે લેતાં આરોપી જાહેરમાં વગર પાસ પરમીટનો દારૂ પી લથડીયા ખાતો લવરી કરતો મળી આવેલ તેવી ફરીયાદ હકીકત રહેલી છે. ત્યારે તે સંજોગોમાં ઉપર મુજબની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી એ પ્રોહીબીશન એટકની કલમ– ૮૫ મુજબનો ગુનો કરેલાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતુ નથી. વધુમાં આરોપીએ વગર પાસ પરમીટનો દારૂ પી પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી મુજબનો ગુનો કરેલાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે સબબ તે સંજોગોમાં આરોપીની રજુઆત, તેની પરિસ્થિતિ , ગુનાની ગંભીરતા તથા નટવરજી હરચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫ જી.એલ.આર. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

## :- આખરી હુકમ -:

આ કામના આરોપીને બી. એન. એસ. એસ. ની કલમ ૨૭૫ મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧) બી મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/ - (અંકે રૂપિયા પાંચસો પુરા )નો દંડની સજા ફરમાવુ છુ.અને જો દંડની રકમ ન ભરવામાં આવે તો દિન-૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**ઠરાવ આજ રોજ ૧૧ મી માહે – જુલાઈ – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**તા.૧૧/૦૭/૨૦૨૬**

**સ્થળ : વાપી**

**(આર.એ.નાગોરી)**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.વાપી**
**જજ કોડ GJ00722**